सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા. | ૧૩/૦૮/૨૦૨૪ |
| કેસ રજી.લીધા તા. | ૧૩/૦૮/૨૦૨૪ |
| ઠરાવ જાહેર કર્યા તા. | ૨૮/૦૪/૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ : માસ : દિવસ : |

---

**પોરબંદરના નામદાર બીજા એડી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ પોરબંદર**

---

**ફોજદારી કેસ નં.૩૮૯૮/૨૦૨૪**

**આંક– ૩૨**

**શ્રી સ ર કા ર** .....**ફરીયાદી**

**–: વિરૂદ્ધ :–**

**(૧) જીવા લીલાભાઇ ઓડેદરા ઉ.વ.પર**
**રહે. ગોસા ગામ, સરકારી દવાખાના પાસે**
**તા.જી.પોરબંદર**
**(૨) સુંદરબેન વા/ઓ લીલાભાઇ મેણંદભાઇ ઓડેદરા ઉ.વ. ૭૦**
**રહે. ગોસા ગામ,**
**તા.જી.પોરબંદર** .....**આરોપીઓ**

**ગુનો:– આઇ.પી.સી. કલમ–૪૦૬,૪૨૦,૧૧૪ મુજબ**

---

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી એસ.બી.પરમાર**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી. જે.એમ.ચાવડા**

---

**–:: ઠ રા વ ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, ત્હોમતદાર નં.૧ ફરીયાદી લીલુબેન રાજાભાઈ ઓડેદરાના દિયર જીવાભાઈ લીલાભાઈ ઓડેદરા થતા હોય તથા ત્હોમતદાર નં.ર સાસુ થતા હોય ત્હોમદતદાર નં.૨ નાએ ગઈ તા–૨૭/૦૮/૨૦૧૬ ના બે–ચાર દિવસ પહેલા કોઈ પણ સમયે ફરીયાદીએ

સોનાના ધરેણા જેમાં કાચના પારાવાળી કંઠી (માળા) તથા કટકીનો ચેન આશરે ૩૪ ગ્રામ વજનનો તથા સોનાની હાસળી પોણા ચાર તોલા વજન વાળી તમામ સોનાના દાગીનાની આશરે કિ.રૂા.૨૮૦૦૦૦/–ના દાગીના સાચવવા માટે આપેલ હોય અને તે બાદ ફરીયાદીએ ત્હોમતદાર નં.રને સાચવવા માટે આપેલ તેના સોનાના દાગીના અવાર–નવાર માંગળી કરતા ફરીયાદીએ સાચવવા માટે આપેલ સોનાના દાગીના તહોમતદાર નં.૨ નાએ ફરીયાદીને નહિ આપી ફરીયાદી સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરી તથા ફરીયાદીને ત્હોમતદારે સદર સોનાના દાગીના આપી દે તે માટે બદદાનતથી લલચાવતા ફરીયાદીએ સદર સોનાના દાગીના તહોમતદારને આપી ઈ.પી.કો. કલમ–૪૦૬,૪૨૦,૧૧૪ મુજબનો ગુનો કરી તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપીઓ વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓને સમન્સ કરતા, આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા, આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો સી.આર.પી.સી./બી.એન.એસ.એસ.ની કલમ–૨૦૭/૨૩૦ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓ વિરૂધ્ધ મારા પુરોગામી સાહેબશ્રી દ્વારા આંક–૦૨ થી તહોમતનામું ફરમાવી આંક–૦૩,૦૪ થી પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ તેની સામેનાં ગુન્હાનો સ્પષ્ટ ઈન્કાર કરતા આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ રાખેલ છે.

–:મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો:–

| | |
|---|---|
| **આંક–૦૬** | **ફરીયાદી લીલુબેન રાજાભાઇ ઓડેદરાની જુબાની** |
| **આંક–૦૭** | **ફરીયાદ** |
| **આંક–૦૮** | **સાહેદ પુતીબેન માલદેભાઇ ઓડેદરાની જુબાની** |
| **આંક–૧૩** | **સાહેદ લાખીબેન અરભમભાઇ કુછડીયાની જુબાની** |
| **આંક–૧૪** | **સાહેદ અરભમભાઇ ગીગાભાઇ કુછડીયાની જુબાની** |

| | |
|---|---|
| **આંક–૧૭** | **સાહેદ કેશુભાઇ ભીમાભાઇ મોડેદરાની જુબાની** |
| **આંક–૧૮** | **બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું** |
| **આંક–૨૨** | **સાહેદ હિરાબેન વિરમભાઇ કુછડીયાની જુબાની** |
| **આંક–૨૯** | **તપાસ અમલદાર રામભાઇ કાનાભાઇ ચાવડાની જુબાની** |
| **આંક–૩૦** | **ડેપ્યુટ હુકમ** |

(૪) ત્યારબાદ સદર કામે આરોપીઓનું સી.આર.પી.સી./બી.એન.એસ.એસ. ની કલમ–૩૧૩/૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમા તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ની તથા બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદાઓ :–**

| | |
|---|---|
| **(૧)** | **શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ત્હોમતદાર નં.૧ ફરીયાદી લીલુબેન રાજાભાઈ ઓડેદરાના દિયર જીવાભાઈ લીલાભાઈ ઓડેદરા થતા હોય તથા ત્હોમતદાર નં.૨ સાસુ થતા હોય ત્હોમદતદાર નં.૨ નાએ ગઇ તા–૨૭/૦૮/૨૦૧૬ ના બે–ચાર દિવસ પહેલા કોઈ પણ સમયે ફરીયાદીએ સોનાના ધરેણા જેમાં કાચના પારાવાળી કંઠી (માળા) તથા કટકીનો ચેન આશરે ૩૪ ગ્રામ વજનનો તથા સોનાની હાસળી પોણા ચાર તોલા વજન વાળી તમામ સોનાના દાગીનાની આશરે કિ.રૂા.૨૮૦૦૦૦/–ના દાગીના સાચવવા માટે આપેલ હોય અને તે બાદ ફરીયાદીએ ત્હોમતદાર નં.૨ ને સાચવવા માટે આપેલ તેના સોનાના દાગીના અવાર–નવાર માંગળી કરતા ફરીયાદીએ સાચવવા માટે આપેલ સોનાના દાગીના તહોમતદાર નં.૨ નાએ ફરીયાદીને નહિ આપી ફરીયાદી સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરી તથા ફરીયાદીને ત્હોમતદારે સદર સોનાના** |

| | |
|---|---|
| | **દાગીના આપી દે તે માટે બદદાનતથી લલચાવતા ફરીયાદીએ સદર સોનાના દાગીના તહોમતદારને આપી ઈ.પી.કો. કલમ–૪૦૬,૪૨૦,૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?** |
| (૨) | **શું હુકમ ?** |

(૬) ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં** |
| (૨) | **આખરી હુકમ મુજબ** |

**– :કારણો :–**

આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાને વિસ્તારથી ધ્યાને લેવામાં આવે તો,

**<u>ફરીયાદીનો પુરાવો :–</u>**

(૭) ફરીયાદ પક્ષે આંક–૦૬ થી ફરીયાદી લીલુબેન રાજાભાઈ ઓડેદરા એવો પુરાવો આપે છે કે, બનાવની તારીખ હાલ તેઓને યાદ નથી. બનાવ આશરે એકાદ પહેલા બનેલો. તેઓએ એકાદ વર્ષ પહેલા પોલીસમાં અરજી આપેલી હતી અને અગાઉ પણ વારંવાર અરજી આપેલી હતી. તેઓના લગ્ન પસ્ચીચ વર્ષ પહેલા ગોસાના રાજા લીલા ઓડેદરા સાથે થયેલા. તેમના પરીવારમાં તેઓ તેઓના પતિ, તેઓના દેયર જીવાભાઈ, તેઓના સાસુ સુદરબેન, દેરાણી હીરાબેન લગ્ન પછી તેઓ શરુઆતમાં ભેગા રહેતા. તેઓના બે માડના મકાનમા નીચેના ભાગે તેઓના સાસુ રહેતા ઉપરના માડમાં સામાન ભરીને તાડુ મારેલ હતુ. તેઓના પતિના નામે છ વીધા જમીન હતી. તેઓના પતિ બીમાર પડતા તેઓના પોણા ચાર તોલાના દાગીના તથા બે તોલાની કંઠી અને ચેન બે તોલામાં થોડો ઓછો હતો તે તેઓએ તેમના સાસુને ૨૦૧૬ ની સાલમાં આપેલા હતા. આ બધા દાગીના તેઓએ તેમના સાસુને સાચવવા માટે આપેલા હતા અને ૨૦૧૬ ની સાલમાં તેઓના પતિ મરણ પામેલા. તેઓના પતિના મરણ બાદ સોનાના દાગીનાની વારંવાર માગણી કરતા તેઓના સાસુએ કહેલ કે હવે માંગતી નહી.

અને તેઓના પતિનુ ટ્રેકટર અને ટ્રોલી તેઓના દેયર તથા તેની સાથેના ગુંડાઓએ લઈ લીધેલા. અને તેઓના દીયરે તેઓના ટ્રેકટર કે ટ્રોલી પરત આપેલા નહી અને ત્યાર બાદ તેઓ તેમના પતિ ગુજરી ગયા બાદ છ–આઠ મહીના બાદ તેઓ દેગામ મુકામે રહેવા ચાલ્યા ગયેલ. તેઓના પતિની જમીનમાં તેઓનું નામ ચડાવવા અરજી કરતા આ જમીન તેઓના નામે થઈ ગયેલ. આ જમીન લેવા માટે તેઓએ લેન્ડ ગ્રેબીંગમાં અરજી કરેલ છે. આ ઉપરોકત વિગતના દાગીના કિ.રૂા. ૨,૮૦,૦૦૦/– તેઓના સાસુને આપેલા તથા ટ્રેકટર તથા ટ્રોલી કિ.રૂા.૭૦,૦૦૦/– પરત ન આપતા તેઓએ હાલની ફરીયાદ આપેલી. ફરીયાદીને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમા ફરીયાદીની સહી ઓળખી બતાવે છે. જે ફરીયાદ આંક–૦૭ થી રજુ છે.

જયારે સદર ફરીયાદીએ આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,'' તેઓ ભણેલ છે અને તેમને વાંચતા–લખતા આવડે છે. તેઓ લગ્ન બાદ બે–ત્રણ વર્ષ ભેગા રહેલા બાદ તેઓ અલગ રહેવા ગયેલા. તેમના સાસુના ઘરથી તેઓ ૧૦૦ મીટર દુર રહેવા ગયેલા.તેમના સાસુએ તેમના પતિ તથા દિયરને પોત–પોતાનો ભાગ આપીને છુટા કરેલા.તેમના પતિ ખેતી કરીને ગુજરાન ચલાવતા તથા તેમના દિયર તેમનુ કામ કરી ગુજરાન ચલાવતા.છ વીઘા જમીન તેઓના ભાગમાં આવેલી હતી. ત્યારબાદ ૨૦૨૨ તથા ત્રીજી અરજી ૨૦૨૩ મા આપેલી હતી. તેઓ પહેલી વાર અરજી આપવા ગયેલા ત્યારે પોલીસ તેઓની સાથે આવીને આરોપી તેમના સાસુ તથા તેમના દિયરની પુછ પરછ કરેલ અને કાગળો માંગેલા પરંતુ કાગળો આપેલા નહી અને ત્યારબાદ પોલીસ ત્યાથી ચાલી ગયેલ અને કોઈ કાર્યવાહી કરેલ નથી.પોલીસે પહેલી અરજીની કોઈ કાર્યવાહી કરેલ નહી એટલા માટે તેમને બીજી અરજી કરેલી તેમા પણ કોઈ કાર્યવાહી કરેલી નહી તેથી તેઓએ ત્રીજી અરજી કરેલી. અગાઉની બે અરજીમા પોલીસે કોઈ કાર્યવાહી કરેલી નહી અને પોલીસ કહેતી કે તમારુ કામ થઈ જશે.

સવાલ :– તમોએ તમારા દાગીના તમારા સાસુને કઈ તારીખે સોંપેલા તે તમારી ફરીયાદમાં જણાવેલ નથી?

જવાબ :– તેમના પતિ ૨૦૧૬ મા ગુજરી ગયા તેમના છ થી સાત દિવસ પહેલા

તેમને તેમની સાસુને આ દાગીના સાચવવા માટે આપેલા હતા.તેમના મકાનમા તેમના દિયર ન રહી શકે એટલા માટે તાડા મારેલા હતા. તેમના દિયરના ભાગમા આ મકાન આવેલ ન હતુ.

**સાહેદનો પુરાવો :–**

(૮) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૦૮ થી સાહેદ પુતીબેન માલદેભાઈ ઓડેદરા એવો પુરાવો આપે છે કે, ફરીયાદી લીલુબેન તેઓના મોટા બહેન થાય અને લીલુબેનના લગ્ન ૨૫ વર્ષ ની અંદર રાજા લીલા સાથે થયેલા હતા. તેઓને કોઈ સંતાન ન હતુ. તેઓના બનેવી રાજાભાઈ હુમલાના કારણે મરણ પામેલા. તેઓના બનેવી બીમાર હતા તે દરમ્યાન તેઓની બહેન પાસે સોનાના દાગીના હતા જે ચાર તોલાની અંદર એક હાસડી, બે તોલાની અંદર ચેન તથા બે તોલાની અંદર માળા હતી. તેઓની બહેને તેના દેર તથા દેરાણીની હાજરીમા તેની હાજરીમાં અપ્યા હતા. ત્યાર પછી તેઓના બનેવી ગુજરી ગયા બાદ તેઓની બહેને તેમની સાસુ પાસેથી દાગીના પાછા માંગતા તેમની સાસુએ કહેલ કે ભલે પડયા હોય પછી આપી દેશે અને અવાર નવાર આવીને ઝઘડો કરવા લાગેલા અને તેઓની બહેનનો દિયર જીવો દારૂ પી ને ઝઘડો કરવા માટે આવતો હતો. ત્યાર પછી તેઓએ તેમની બહેનને તેઓના બાપુજીના ઘરે દેગામ મુકામે મુકી આવેલ. ત્યાર પછી તેઓની બહેનની સાસુએ તેઓની બહેનને આ દાગીના પાછા આપેલ નહી. અને ટ્રેકટર કે ટ્રોલી પણ પરત આપેલા નહી તેઓની બહેન લીલુબહેને હાલની ફરીયાદ આપેલી તથા પોલીસે તેઓનું નિવેદન નોંધેલ.

જયારે સદર સાહેદે આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ ભણેલ છે અને તેમને વાંચતા લખતા આવડે છે. એ વાતની તેમને ખબર નથી કે તેમની બહેને તેના સાસુને દાગીના સાચવવા આપેલા ત્યારે તેના દિયર કે તેમના નણંદ ત્યાં હાજર હતા એવું તેમને તેમના નિવેદનમાં લખાવેલ કે નહી એ તેમને ખ્યાલ નથી. તેમને તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ નથી કે તેમની બહેનનો દિયર જીવો દારૂ પીને ઝઘડો કરવા માટે આવતો હતો. તેમના રૂબરૂમાં તેમની બહેને તેમની સાસુને દાગીના આપેલા ત્યારે

તેઓ ત્યાં હાજર ન હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેમની બહેન જેટલી વાર પોલીસમાં અરજી કરવા ગયેલ ત્યારે તેઓ તેમની સાથે જ હતા.તેમની બહેનને પોલીસે પુછપરછ કરતી ત્યારે તેઓ સાથે લખાવતા.

(૮.૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૧૩ થી સાહેદ લાખીબેન અરભમભાઇ કુછડીયા એવો પુરાવો આપે છે કે, તેઓની દિકરી લીલુના ગોસા ગામના રાજા લીલા ઓડેદરા સાથે થયેલા અને ત્યારપછી તેઓના જમાઈ રાજા લીલાનું અવશાન થયેલ હતુ અને તેઓની દિકરીનો દર દાગીનાનો બધો સામાન જેમાં સોનાની હાંસળી આશરે ચાર થી સાડા ચાર તોલાની, સોનાનો ચેઈન તથા સોનાની માળા આ તમામ દાગીનુ વજન આશરે સાત થી આઠ તોલા હતા તે કરીયાવરમાં આપેલ હતા તે તમામ કરીયાવરનો સામાન તથા દાગીના તેઓની દિકરીના સાસરા વાળાએ તેમની પાસે રાખી લીધેલ છે. આ સિવાય તેઓની દિકરીના સાસરાઓ પાસે ખેતીની જમીન, ટ્રેકટર તથા ટ્રોલી વિગેરે મીલકતો છે. તેઓની દિકરીના સાસરા વાળાએ તેઓની દિકરીને દુ:ખત્રાંસ આપી કાઢી મુકેલી જેથી તેઓની દિકરી તેમની સાથે તેના માવતરે આવેલી અને ત્યારપછી તે એકલી રહી મજુરી કરી તેનું જીવન ગુજારે છે. તેઓની દિકરી લીલુએ તેમના સાસરીઓ સામે પોલીસ ફરીયાદ કરેલી જે અંગે પોલીસે તેઓનું નિવેદન લીધુ.

જયારે સદરહું સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ નથી.

(૮.૨) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૧૪ થી સાહેદ અરભમભાઇ ગીગાભાઇ કુછડીયા એવો પુરાવો આપે છે કે, તેઓની દિકરી લીલુના ગોસા ગામના રાજા લીલા ઓડેદરા સાથે થયેલા અને ત્યારપછી તેઓના જમાઈ રાજા લીલાનું અવશાન થયેલ હતુ અને તેઓની દિકરીનો દર દાગીનાનો બધો સામાન જેમાં સોનાની હાંસળી આશરે ચાર થી સાડા ચાર તોલાની, સોનાનો ચેઈન તથા સોનાની માળા આ તમામ દાગીનુ વજન આશરે સાત થી આઠ તોલા હતા તે કરીયાવરમાં આપેલ હતા તે તમામ કરીયાવરનો સામાન તથા દાગીના તેઓની દિકરીના સાસરા વાળાએ તેમની પાસે રાખી લીધેલ છે. આ સિવાય તેઓની

દિકરીના સાસરાઓ પાસે ખેતીની જમીન, ટ્રેકટર તથા ટ્રોલી વિગેરે મીલકતો છે. તેઓની દિકરીના સાસરા વાળાએ તેઓની દિકરીને દુ:ખત્રાંસ આપી કાઢી મુકેલી જેથી તેઓની દિકરી તેમની સાથે તેના માવતરે આવેલી અને ત્યારપછી તે એકલી રહી મજુરી કરી તેનું જીવન ગુજારે છે. તેઓની દિકરી લીલુએ તેમના સાસરીઓ સામે પોલીસ ફરીયાદ કરેલી જે અંગે પોલીસે તેઓનું નિવેદન લીધુ.

જયારે સદરહું સાહેદે આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ તેમને તેમની નજરે જોયેલ નથી.

(૮.૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૨૨ થી સાહેદ હીરાબેન વિરમભાઇ કુછડીયા એવો પુરાવો આપે છે કે, બનાવની તારીખ હાલ તેઓને યાદ નથી. બનાવમાં એવુ હતુ કે તેઓની નણંદ લીલુબેનના તાડા તેના સસરાએ તોડેલા અને તેઓની નણંદના સોનાના દાગીના જેમાં એક હાંસડી, એક સોનાનો ચેઇન અને એક માળા ચોરી લીધેલ અને ખેતર તથા ટ્રેકટર લઇ લીધેલ અને તેઓની નણંદ ત્યારપછી એકલી ગોસા રહેવા જતી રહેલ હાથે રાંધીને ખાતી હતી. તેઓને આ બનાવની જાણ વાત વાતમાં થયેલી. જેથી બનાવ અંગે તેઓએ તેમની નણંદને પુછતા તેઓની નણંદે તેમને જણાવેલ કે તેઓની નણંદના સસરાએ તેઓની નણંદના ઘરના તાડા તોડીને સોનાના દાગીના તેઓની નણંદને માર મારીને કાઢી લીધેલા. હાલના બનાવની ફરીયાદ તેઓની નણંદે કરેલી કે કેમ તે તેઓને ખબર નથી. તેઓ ભુલી જતા હોય અને તેઓના મગજમાં ન રહેતુ હોય તેથી બનાવ અંગે પોલીસે તેઓની પછુપરછ કરેલી કે કેમ તે તેઓને યાદ નથી. તેઓ તેમની નણંદના સસરાને જોયેથી ઓળખી શકે નહી.

જયારે સદરહું સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ નથી.

**<u>હોસ્ટાઇલ સાહેદનો પુરાવો :–</u>**

(૯) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૧૭ થીલ સાહેદ કેશુભાઇ ભીમાભાઇ મોડેદરા એવો પુરાવો આપે છે કે,બનાવની તારીખ હાલ તેમને યાદ નથી. બે એક વર્ષ પોલીસે તેમનું નામ અને સરનામું પુછેલ એ સીવાય બનાવ અંગે તેમને કોઇ

જાત માહિતી નથી. આમ સદરહું સાહેદે તેમના નિવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી.ને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપેલ હોવા છતાં સદરહું સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ નિવડતો નથી.

**<u>તપાસ અમલદારનો પુરાવો :–</u>**

(૧૦) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૨૯ થી ત.ક.અ. રામભાઈ કાનાભાઈ ચાવડા એવો પુરાવો આપે છે કે, સને ૨૦૨૪ માં તેઓ નવી બંદર પો.સ્ટે.માં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરીયાદી લીલુબેન તેઓના રૂબરૂ પોતાની ફરીયાદ લખાવેલ. જે તેઓએ તેઓના લખાવ્યા મુજબ લખી લઈ સદર ગુન્હો સી.આર.પી.સી. ૧૫૪ ના રજીસ્ટર નવી બંદર મરીન પો.સ્ટે. ગુ.ર.નં.૦૨૭/૨૦૨૪ થી આઇ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ અન્વયેનો નોંધાયેલ હતો અને ત્યારબાદ સદર ગુન્હાની તપાસ પી.એસ.ઓ. દ્વારા તેઓને સોંપતા તેઓએ સંભાળી લીધેલ. તપાસ સંભાળ્યા અંગેનો અસલ ડેપ્યુટ હુકમ પી.એસ.ઓ. ની સહી વાળો રજુ કરુ છુ જે આંક–૩૦ થી રજુ છે. તેઓને તપાસ મળતા તેઓએ બે પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું તથા ઝડતી પંચનામું કરેલુ જે સદર પંચનામું આંક–૧૮ થી રજુ છે જેમાં બંન્ને પંચોની તથા રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ નોંધેલ તથા તપાસના કામે આરોપીની અટક કરી નામ.કોર્ટમાં રજુ કરેલ તથા તપાસના અંતે બંન્ને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા હાલનું ચાર્જશીટ કરેલ.

જયારે સદર ત.ક.અ.શ્રી.એ આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,ફરીયાદ અંદાજે સાત આઠ વર્ષ મોડી છે. સાહેદ જણાવે છે કે બનાવ સને ૨૦૧૬ નો છે. ફરીયાદીએ પોતાની ફરીયાદ મોડી આપવા સંબંધેનું કોઇ કારણ જણાવેલ નથી. ફરીયાદી અને આરોપી એકબીજાના સગા થાય છે. તપાસના કામે સોનાના દાગીના કબજે કરવામાં આવેલ નથી. આ કામે આરોપીને અટક પંચનામું કરેલ નથી.

**<u>પુરાવાકીય મુલ્યાંકન:</u>**

(૧૧) હાલના કામે આરોપી પર એકસંપ કરીને તા–૨૭/૦૮/૨૦૧૬ ના બે–ચાર દિવસ પહેલા કોઈ પણ સમયે ફરીયાદીએ સોનાના ઘરેણા જેમાં કાચના પારાવાળી કંઠી (માળા) તથા કટકીનો ચેન આશરે ૩૪ ગ્રામ વજનનો તથા સોનાની હાસળી પોણા ચાર તોલા વજન વાળી તમામ સોનાના દાગીનાની આશરે કિ.રૂા.૨૮૦૦૦૦/–ના દાગીના સાચવવા માટે આપેલ હોય અને તે બાદ ફરીયાદીએ ત્હોમતદાર નં.રને સાચવવા માટે આપેલ તેના સોનાના દાગીના અવાર–નવાર માંગળી કરતા ફરીયાદીએ સાચવવા માટે આપેલ સોનાના દાગીના તહોમતદાર નં.ર નાએ ફરીયાદીને નહિ આપી ફરીયાદી સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરી તથા ફરીયાદીને ત્હોમતદારે સદર સોનાના દાગીના આપી દે તે માટે બદદાનતથી લલચાવતા ફરીયાદીએ સદર સોનાના દાગીના તહોમતદારને આપી ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબનો આરોપ મુકવામાં આવેલ છે.

(૧૧.૧) હાલના કામે આરોપી પર ભારતીય દંડ સંહીતાની કલમ ૪૦૬ મુજબનો આરોપ મુકવામાં આવેલ છે જે કલમના આવશ્યક તત્વો ઘ્યાને લેવામાં આવે તો, (૧) આરોપીને મિલ્કત સોંપાયેલ હોવી જોઇએ અથવા તે મિલ્કત પર તે અધિકાર ધરાવતો હોવો જોઇએ (ર) જેને મિલ્કત સોંપણી કરાયેલ હોય તે વ્યક્તિએ (ક) અપ્રમાણીકતાથી તે મિલ્કતનો પોતાના ઉપયોગ માટે દુરઉપયોગ કે રૂપાંતર કર્યા હોવા જોઇએ અથવાતે મિલ્કતનો અપ્રમાણીકતાથી ઉપયોગ અથવ નિકાલ કર્યો હોવો જોઇએ અથવા કોઇ વ્યક્તિ પાસે જાણી બુઝીને તેમ કરાવ્યુ હોવુ જોઇએ. તેમજ આ કામે આરોપી પર ભારતીય દંડ સંહીતાની કલમ ૪૨૦ મુજબનો આરોપ મુકવામાં આવેલ છે જે કલમના આવશ્યક તત્વો ધ્યાને લેવામાં આવે તો, (૧)આરોપીએ બીજી વ્યક્તિને ઠગી. (૨) તેણે (ક) કોઇ વ્યક્તિને જે મિલ્કત તેની પોતાની ન હતી તે સોંપવાનુ પ્રલોભન આપ્યુ. અથવા(ખ) કોઇ કિંમતી જામીનગીરી અથવા તેનો કોઇ ભાગ કરવા, તેમા ફેરફાર કરવા કે તેનો નાશ કરવા પ્રલોભન આપ્યુ હોય (ગ) જેના પર સહી અને સિક્કો

હોય અને જેને કિંમતી જામીનગીરીમાં રૂપાંતરીત કરી શકાય તે આપવા પ્રલોભન આપ્યુ હોય. (૩) તેણે અપ્રમાણીક્તાથી તેમ કર્યુ હોવુ જોઈએ. ફરીયાદ પક્ષ આ તમામ આવશ્યક તત્વો રેકર્ડ પર સાબીત કરે ત્યારે આરોપીએ આ કલમ હેઠળનો ગુનો કરેલ છે તેવુ સાબીત થાય.

(૧૧.૨) જે આવશ્યક તત્વો ધ્યાને રાખી આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદી પોતાની જુબાનીમાં જણાવે છે કે બનાવ એકાદ વર્ષ પહેલા બનેલ હોવાનુ જણાવે છે અને સને ૨૦૧૬ માં તેઓએ પોતાની સાસુને પોંણા ચાર તોલાના સોનાના દાગીના આપેલ હોવાનુ જણાવે અને દાગીનામાં બે તોલાની કંઠી અને ચેન બે તોલામાં થોડો ઓછો હોવાનુ જણાવે છે જ્યારે પોતાની ફરીયાદમાં જણાવે છે કે સોનાના ધરેણા જેમાં કાચના પારાવાળી કંઠી (માળા) તથા કટકીનો ચેન આશરે ૩૪ ગ્રામ વજનનો તથા સોનાની હાસળી પોણા ચાર તોલા વજન વાળી હોવાનુ જણાવે છે, વધુમાં આ કામે ફરીયાદી તર્ફે સોનાના દાગીના સંબધે કોઈ પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદી પોતાની જુબાનીમાં તેઓના લગ્ન ૨૫ વર્ષ પહેલા થયેલ હોવાનુ જણાવે છે અને પોતાની ઉલટ તપાસ માં જણાવે છે કે લગ્નબાદ બે–ત્રણ વર્ષ ભેગા રહ્યા બાદ અલગ રહેવા જતા રહેલા. એ વાત ખરી છે કે મારા સાસુએ મારા પતિ તથા દીયરને પોત–પોતાનો ભાગ આપીને છુટા કરેલા. આમ, ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતા આ કામે ફરીયાદીના લગ્ન ૨૫ વર્ષ પહેલા થયેલ હોવાનુ તથા લગ્ન થયાબાદ તેઓ બે–ત્રણ વર્ષમાં પોતાના પતિ સાથે અલગ રહેવા ચાલ્યા ગયેલ હોવાનુ જણાઈ આવે છે તેમજ ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતા આરોપી નંબર ૨ દ્વારા પોતાની મિલ્કતના હિસ્સા કરી આરોપી નંબર ૧ અને ફરીયાદીના પતિના ભાગ છુટા પાડી દીધેલ હોવાનુ પણ જણાઈ આવે છે. વધુમાં ફરીયાદીના પતિનુ અવસાન સને ૨૦૧૬ માં થયેલ હોવાનુ ફરીયાદી જણાવે છે અને ત્યારબાદ તેઓએ હાલની ફરીયાદ સને ૨૦૨૪ માં આપેલ છે. આમ, જ્યારે લગ્નના બે વર્ષ બાદ ફરીયાદી પોતાના પતિ સાથે આરોપીઓથી અલગ રહેવા જતા રહેલ હોય અને આટલા લાંબા સમય

બાદ પોતાના કરીયાવરના દાગીના પોતાની સાસુને સાચવવા માટે આપે તે હકીકત માનવા યોગ્ય જણાઇ આવતી નથી. વધુમાં આ કામે ફરીયાદીએ કયા કારણસર પોતાના દાગીના સાચવવા માટે આપેલ તે હકીકત પણ ફરીયાદી પોતાની ફરીયાદ તથા જુબાનીમાં જણાવતા નથી. વધુમાં આ કામે અરોપીઓ પાસેથી દાગીનાની કે ટ્રક્ટર કે ટ્રોલીની રીકવરી કરવામાં આવેલ હોય તેવુ પણ બનેલ નથી. ફરીયાદી પોતાની ઉલટ તપાસમાં ટ્રેક્ટર તેઓના પતિના નામનુ ન હોવાનુ કબુલ કરે છે. આમ, આ કામે ફરીયાદી ટ્રેક્ટર કે ટ્રોલી તેઓની માલીકીની હોવાની હકીકત પણ પુરવાર કરી શકેલ નથી. હાલના કામે ફરીયાદપક્ષ તર્ફે સાહેદ કેશુભાઇ ભીમાભાઇ ઓડેદરાને તપાસવામાં આવેલ છે જેઓ પોતાની જુબાનીમાં સમગ્ર બનાવનો સાફ શબ્દોમાં ઇનકાર કરે છે અને તેઓએ આરોપી નંબર ૧ પાસેથી ટ્રેક્ટરની ટ્રોલી ખરીદ કરેલ હોવાની હકીકતનો સાફ શબ્દોમાં ઇનકાર કરે છે. જે તમામ હકીકત ધ્યાને લેતા આ કામે ફરીયાદી દ્વારા સને ૨૦૧૬ માં  બનાવ બનેલ હોવાનુ જણાવેલ છે અને તેની ફરીયાદ સને ૨૦૨૪ માં આપવામાં આવેલ છે જે ફરીયાદ મોડી આપવા પાછળનુ કોઇ કારણ પણ ફરીયાદીએ જણાવેલ નથી. જે તમામ હકીકત ધ્યાને લેતા આ કામે આરોપીઓએ એકસંપ કરીને ફરીયાદી સાથે છેતરપીંડી કે વિશ્વાસઘાત કરેલ હોવાની હકીકત સાબીત કરેલ હોવાનુ માની શકાય નહી.

(૧૧.૩) આમ આ કામે ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ આ કામના આરોપીઓએ ફરીયાદી સાથે છેતરપીંડી કે વિશ્વાસઘાત કરેલ હોય તે હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર શંકા રહીત સાબીત કરી શકેલ ન હોય તેમજ જ્યારે પણ આરોપીએ ગુન્હો કરેલ હોવા સંબધે શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે તે શંકાનો લાભ હંમેશા આરોપીની તરફેણમાં આપવાનો હોય છે તેવો ફોજદારી નીતીશાસ્ત્રનો સર્વ સામાન્ય નીયમ છે અને શંકા ગમે તેટલી પ્રબળ હોય શંકા કદી પુરાવાનુ સ્થાન લઇ શકે નહી. જે તમામ હકીકત ધ્યાને લેતા આ કામે મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર ૨ લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ ::–**

૧. આ કામે હાલના આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) હેઠળ ઇ.પી.કોડની કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ ના ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે આરોપીઓએ ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭ એ મુજબ રૂપીયા ૧૫,૦૦૦/– અંકે પંદર હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાતજામીન અપીલ સમયના આપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા: ૨૮/૦૪/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા:૨૮.૦૪.૨૦૨૬
પોરબંદર

કોમલ કુનાલ રાઠોડ
બીજા અધીક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, પોરબંદર
GJ01130